# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૨ | ૨૩ ઓક્ટોબર, ૨૦૧૪, ગુરૂવાર ; આસો વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ખેતીવાડી સમિતિના ચેરમેન હોદ્દા પરથી દૂર કરાયા

## ખેતીવાડી સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થતાં હોદ્દા પરથી દૂર કરાયા : કોંગ્રેસ પક્ષે પંચાયતમાં વધુ એક સમિતિ ગુમાવી : દિવાળી પછી નવા ચેરમેનની નિયુક્તી કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેન શ્રી સવધાનજી ઠાકોરને અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરી હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે.

આજે સમિતિની મળેલ બેઠકમાં સમિતિના કાર્યકારી અધ્યક્ષ તરીકે શ્રી ગાભાજી ઠાકોરની વરણી કરાયા બાદ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ થયો હતો જે ૩ વિરૂદ્ધ ૨ મતે પસાર થતાં શ્રી સવધાનજી ઠાકોરને ચેરમેનનો હોદ્દો છોડવો પડ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની તવારિખીમાં પહેલીવાર સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થયાની ઘટના બની છે.

હવે, નવા ચેરમેનની નિયુક્તીનો પ્રશ્ન દિપાવલી પર્વ બાદ સમિતિની મળનારી બેઠકમાં લેવામાં આવશે. રાજ્યમાં એક તરફ કૃષિ વિકાસ વર્ષની ઉજવણી ચાલી રહી છે ત્યારે જિલ્લામાં ખેતીવાડી સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થતાં રાજકીય વર્તુળોમાં તે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

હવે આગામી સપ્તાહમાં મહિલા અને બાળ કલ્યાણ વિકાસ સમિતિની મળનારી બેઠકમાં વધુ એક અવિશ્વાસનો પ્રસ્તાવ આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત કોંગ્રેસમાં પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલ અને તેમના ૮ સાથીઓએ કરેલા બળવા પછી આવેલા સત્તાપલ્ટાને લઈ પંચાયતના રાજકરણમાં ગરમાવો આવ્યો છે.



ઉંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા...











